

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*કોઈના મહિમાની માટીમાં હવે કર્મો દાટે છે!*
*ચૂંટણીના પડઘમ વચ્ચે હવે યશ ખાટે છે,*
*દોડે છે જુદા જ પાટે, સિદ્ધાંતના સિગ્નલ વિના -*
*જીવતે તો લોહી પીધું ખૂબ હવે 'અસ્થિ' ચાટે છે...*
*(ભારતની પવિત્ર નદીઓમાં સન્માનપૂર્વક અસ્થિ વિસર્જન)*

### હાઈકુ

*ઉડે ના મીગ!*
*ટપોટપ પડે ઓછે -*
*સોદા નો ભાર ?!*

*શસ્ત્રો ખરીદ -*
*ચૂંટણી - કમિશન -*
*કાઢવું પડે !?*

### ચિંતન

**સત્ય પ્રતિષ્ઠાયાં ક્રિયાફલા શ્રયત્વમ્ ।**

ઉપરોક્ત શ્લોક યોગસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

સત્યની દૃઢસ્થિતિ થઈ ગયા પછી ક્રિયા, ફળનો આશ્રય બને છે.

જે યોગીની સત્યમાં દૃઢ સ્થિતિ થઈ ગઈ હોય તેની વાણીથી કદી અસત્ય બોલાતું નથી એટલે એની વાણી અમોઘ (કદાપિ નિષ્ફળ ન જાય તેવી) બની જાય છે. તે જે કહે છે તે થાય છે. તેની વાણી દ્વારા જે ક્રિયા થાય છે, તેમાં ફળનો આશ્રય હોય છે એટલે એની વાણીમાં જે કર્મ કોઈએ કર્યું જ ન હોય તે કર્મનું ફળ હોય છે એટલે કે કર્મ વિના પણ મનુષ્ય આવા સત્યપ્રતિષ્ઠ યોગીની વાણીથી મળતા આશીર્વાદ, વરદાન કે શાપ દ્વારા ફળ મેળવે છે.

### સુવિચાર

- જો તમે એ વ્યક્તિને શોધી રહ્યા છો જે તમારી જિંદગીને બદલશે તો અરિસો જોઈ લો - **એસ. ભટ્ટાચાર્ય**
- જ્યાં સુધી અહંને જીતાય નહિ ત્યાં સુધી અહમ્ (પરમાત્મા)ને પામી શકાય નહીં - **બોધિવૃક્ષ**
- ઉપરી પ્રત્યે નમ્રતા રાખવી એ કર્તવ્ય છે. સરખે સરખા પ્રત્યે નમ્રતા રાખવી એ વિવેક છે અને ઉતરતી કક્ષાના માણસ પ્રત્યે નમ્રતા રાખવી એ મનની મોટાઈ છે - **સ્ટીફન કોવી**
- ધરતી પર મહાન લોકો એ છે જેમને એવા સમયે હસતા રહેતા આવડે છે જયારે જીવન એણને રડવાની ફરજ પાડે છે - **અમૃતબિંદુ**
- અન્યાયથી લીધેલો મુલક યુદ્ધની માતા છે - **જહોન રસ્કિન**
- શિક્ષા વિલંબથી થઈ શખે, પણ ગુનો માફ નહિ થાય - **કુસુમાંજલિ**
- આજનું ઔષધ : પાણીમાં ૨-ટીપાં મધ તેમજ ૨ ટીપાં ચૂનાનું પાણી ઉમેરી પીવાથી દમ શાંત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

જયારે સર્વપલ્લી રાધાકૃષ્ણન નાના હતા ત્યારે મદ્રાસની એક ક્રિશ્ચિયન મિશનરી સ્કૂલમાં ભણતા હતા. સ્કૂલમાં એક અધ્યાપક વર્ગમાં હંમેશા ખ્રિસ્તી ધર્મની વાત લઈને ભણાવવાની શરુઆત કરતા. ખ્રિસ્તી ધર્મની વાત કરતા કરતા તેઓ હિન્દુ ધર્મ પર કટાક્ષ કરતા. હિન્દુ ધર્મને જુનવાણી, અંધવિશ્વાસથી ભરેલો રૂઢિવાદી અને ઘણું બધું કહેવા લાગ્યા. હિંદુ ધર્મનું અપમાન થતું જોઈ રાધાકૃષ્ણનને ખરાબ લાગતું આમ છતાં તેઓ શિસ્તપૂર્વક શિક્ષકની વાત ધ્યાનથી સાંભળી રહ્યા. શિક્ષકની વાત સાંભળી રાધાકૃષ્ણન ઊભા થયા અને પોતાને કંઈક કહેવા દેવાની પરવાનગી માગી શાંતિથી બોલ્યા, 'ગુરુદેવ મારો એક પ્રશ્ન છે. કે શું તમારો ક્રિશ્ચિયન ધર્મ બીજા ધર્મની નિંદા કરવામાં વિશ્વાસ ધરાવે છે.' નાના બાળકના મોઢે આવો જોરદાર પ્રશ્ન સાંભળી શિક્ષક ચોંકી ઊઠ્યા. બાળકના પ્રશ્નમાં સત્યતા હતી. કારણ કે દરેક ધર્મ સમાનતા, એકતા, સમભાવનો સંદેશો આપે છે. શિક્ષક પાસે તે સવાલનો કોઈ જવાબ ન હતો. આથી તેમણે રાધાકૃષ્ણનને પૂછ્યું, 'શું હિન્દુ ધર્મ બીજા ધર્મોને સન્માન આપે છે?' બાળકો કહ્યું, 'હા જી બિલકુલ! હિન્દુ ધર્મ બીજા ધર્મોમાં કોઈ બુરાઈ નથી શોધતો. તેની સાબિતી ગીતામાં છે. ગીતામાં શ્રીકૃષ્ણએ કહ્યું છે કે ભગવાનની આરાધનાની અનેક રીતો, અનેક માર્ગ છે. પરંતુ તેમનું લક્ષ્ય એક જ છે. કોઈ પણ ધર્મ અન્ય ધર્મની નિંદા કરવાનું શીખવતો નથી. એક સાચો ધાર્મિક વ્યક્તિએ છે કે જે તમામ ધર્મોનું સન્માન કરે.' નાના મોઢે આવી ગહન ચિંતનની વાત સાંભળી શિક્ષક ભોઠા પડી ગયા. અને ફરી કયારેક અન્ય ધર્મની ટીકા નહીં કરવાના મનોમનો સોગંધ લીધા.

# ઈમરાનખાન કરકસરયુક્ત વહીવટનો ચીલો ચાતરે છે

**તંત્રીસ્થાનેથી...**

પાકિસ્તાનના નવા કર્ણધાર ઈમરાનખાને દેશની ડામાડોળ અર્થવ્યવસ્થાને પાટા પર ચડાવવા માટે કરકસરયુક્ત વહીવટનો નવો ચીલો ચાતરવાનો સંકલ્પ કર્યો છે. બધા જાણે છે કે અત્યાર સુધીની સરકારોએ પાકિસ્તાનને દેવાળિયા દેશની ઓળખ અપાવી છે. દેવું એટલું વધી ગયું છે કે તે ચૂકવવા માટે પણ એને ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ પાસે હાથ લંબાવવો પડે છે. લોન લઈને દેવું ભરવું પડે ત્યારે સ્વાભાવિક છે કે જે તે દેશની દુનિયામાં આબરૂ ન જ રહે, પાકિસ્તાનના શાસકોએ ખૂલ અમનચમન ઉડાવ્યા, લશ્કર પાછળ બેફામ ખર્ચ કર્યો અને આતંકવાદી પ્રવૃત્તિઓને પોષવા ધૂમ નાણાં વેડફયાં. અમેરિકા પાસેથી આતંકવાદ સામે લડવાના નામે અઢળક મદદ મેળવી અને તે નાણાં હિંદુસ્તાનની સામે આતંકવાદી પ્રવૃત્તિ ચલાવવાં લશ્કરે તોયબા જેવાં સંગઠનોના હવાલે કરી કાશ્મીરની સરહદો સળગતી ને સળગતી રાખી. ઈમરાનખાનના પૂર્વસૂરિઓ કાં તો દેશને લૂંટીને જેલ ભોગવી રહ્યાં છે કાં તો દેશવટો ભોગવી રહ્યા છે. પાકિસ્તાન ભારત સાથે સતત દુશ્મનાવટ રાખી ખોખલું થઈ ગયું છે. ભારતની ખોટી હરીફાઈ એને ઘણી મોંઘી પડી છે. અત્યારે એની પાસે ભારત જેટલી જ અથવા અણુશસ્ત્રો પૂરતી વાત કરીએ તો ભારત કરતાં પણ વધારે લશ્કરી સામગ્રી છે અને તે ખરીદવા જતાં એ અમેરિકા અને ચીન સહિત અનેક દેશોનું દેવાદાર બની ચૂક્યું હોય તે સમજી શકાય એમ છે. ચીન માટે એણે પોતાના બધા દરવાજા કોલી નાખ્યા છે, કારણ કે જયારે અમેરિકા એને મદદ કરતું બંધ થશે ત્યારે પાડોશી 'કુદરતી મિત્ર દેશ' જ એની વહારે ધાશે એટલી સાદી સમજણ એનાં નેતાઓમાં છે જ. ચીન માટે એ બગલબચ્ચુ છે. ભારત સામે ઝઝૂમવા માટે અને દક્ષિણ એશિયામાં પોતાનું એકચક્રી શાસન સ્થાપવા માટે ચીન પહેલાંથી જ એની પડખે રહેતું આવ્યું છે. પાકિસ્તાન પાસે મુંબઈને ટક્કર માટે એવું કુદરતી બંધર કરાંચી છે. પરંતુ આંતરિક રાજકારણ અને ભ્રષ્ટાચારે કરાંચીને બરબાદ કરી મૂક્યું છે. છેલ્લાં ઘણાં વર્ષોથી પાકિસ્તન પર પંજાબીઓનો કબજો રહ્યો છે. જાગીરદાર પરિવારો એ દેશના પૈસે તાગડધિન્ના કર્યા એથી પાકિસ્તાની નાણું સાવ ધસાઈ ગયું છે અને એની તિજોરી તળિયે બેસી ગઈ છે. માલેતુજારો દેશનો પૈસો લૂંટી વિદેશમાં વસવાટ કરતા થઈ ગયા છે. ભુટ્ટો - ઝરદારી, મુશર્રફ કે નવાઝ શરીફ : તમામનું ટેમ્પરરી નિવાસસ્થાન પાકિસ્તાન છે અને કાયમી નિવાસસ્થાન લંડન છે. ફક્ત ચૂંટણીની મોસમ પૂરતા અથવા સત્તા મળે ત્યારે સત્તા ભોગવવા આ શાહી પરિવારો દેશમાં રહેવા આવી જાય છે. પ્રજાને ઈમરાન જેવા ખેલાડીમાંથી રાજનેતા બનેલા સ્વપ્નદૃષ્ટા વિચારશીલ આગેવાન પર આ કારણસર જ પસંદગી ઉતારી છે. લશ્કર અને સુપ્રીમ કોર્ટને પણ આખરે તો પ્રજાની રગનો અંદાજ આવી જ ગયો હતો. આથી ઈમરાનની તાજપોશીમાં આ બેઉ સંસ્થાઓનો સહયોગ રહ્યો હોવો જોઈએ. ઈમરાને સત્તા સંભાળતાંની સાથે જ વહીવટમાં કરકસરનાં પગલાં ભરવા માંડ્યા છે. પોતે મહેલ જેવી ઈમારતને બદલે લશ્કરી કવાર્ટર્સમાં રહેશે અને વિમાની પ્રવાસ માટે વિશેષ વિમાન નહીં વાપરે તથા બુલેટ પ્રૂફ ગાડીઓના કાફલા પણ નહીં રાખે. એણે રાષ્ટ્રપતિથી લઈ તમામ નાનામોટા અધિકારીઓના ફર્સ્ટ કલાસ પ્રવાસ પર પાબંધી લગાવી દઈ એક ઐતિહાસિક અને શકવર્તી નિર્ણય લીધો છે. ભારતના વડાપ્રધાન અને અન્ય વરિષ્ઠ નેતાઓ અબજોનો ધુમાડો કરતા વિદેશ પ્રવાસો કરતા રહે છે અને ઉત્સવોના નામે પ્રજાના પૈસાની રીતસરની હોળી ખેલાતી રહે છે ત્યારે પાડોશી રાષ્ટ્રને એની કંગાળ હાલતમાંથી ઉગારવા માટે એનો નવો લોકનાયક અદ્દલ ગાંધી માર્ગની કરકસર અપનાવી રહ્યો છે તે જ શું સૂચક નથી ? આ કેવી વિડંબના છે ! આપણા નેતાઓએ ઈમરાન પાસેથી ફક્ત ક્રિકેટનાં નહીં, વહીવટના પાઠ પણ શીખવા જોઈએ એમ નથી લાગતું ?

# એટ્રોસીટી એક્ટમાં સુધારો



**કાયદો અને કાનૂન**
**અશ્વિન ત્રિવેદી**

સુપ્રિમ કોર્ટમાં એસટી, એસસી એકટની જોગવાઈઓ હળવી બનાવતો ચુકાદો આવ્યા બાદ દેશભરમાં દલીતોમાં આક્રોશની લાગણી ભભુકી ઉઠેલ કોઈપણ પ્રકારના અત્યાચારો સામે દલીત અને આદિવાસીને સુરક્ષા આપવા એસટી, એસસી એકટની જુની જોગવાઈઓ પુનઃ લાગુ કરતા સુધારાને ખરડાને કેબીનેટે મંજુરી આપી છે. આ ખરડો સંસદમાં ચોમાસા સત્રમાં લાવવામાં આવશે.

એટ્રોસીટી એકટની જોગવાઈ પુનઃ અમલી બનાવવા ભાજપાના સાથી પક્ષો અને દલીત સંગઠનો દ્વારા અપાયેલા ભારત બંધના પગલે કેબીનેટમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

દલીત નેતાઓ અને જુથો જુના કાયદામાં કોઈ બંધછોડ કરવા માંગતા નથી. માંગણી ના સંતોષાયતો ભારત બંધનું એલાન આપી ચુકયા છે. આમ વાતાવરણ પલટાય તે પહેલા જ કેબીનેટે કાયદાને મંજુરી આપી દીધી છે હવેથી એસટી, એસસી કાયદાની મુળ જોગવાઈઓમાં કોઈ જ ફેરફાર થશે નહિ પરંતુ આરોપીઓના આગોતરા જામીનના અધિકાર સુરક્ષીત રહેશે.

સુપ્રિમ કોર્ટે અગાઉના ચુકાદામાં જણાવેલ કે એસસી, એસટી એકટ સંદર્ભમાં થયેલ ફેરફારના કિસ્સામાં યોગ્ય તપાસ પછી જ આરોપીઓની ધરપકડ થવી જોઈએ. આરોપીઓના આ અધિકારના સુરક્ષા માટે કોર્ટે આ જોગવાઈઓ સામેલ કરી હતી.

સુપ્રિમ કોર્ટના આ આદેશ વિરૂધ્ધ દલીત સમુદાયમાં રોષ ભભુકી ઉઠયો હતો જેથી સરકાર મુળ કાયદો પરત લાવવા મજબુર બની હતી અને દલીત સુરક્ષાના મુદ્દે વિવાદ સર્જાયો હતો દલીત સંગઠનોએ એવો આક્ષેપ કર્યો હતો કે મુળ કાયદામાં સુધારો કરી કાયદાને લુલો બનાવી દલીત સુરક્ષાનો છેદ જ ઉડાડી દેવામાં આવ્યો છે. હવેથી કોઈપણ ધરપકડ માટે એફઆરઆઈ નોંધવા મંજુરી લેવી પડશે નહિ. એફઆરઆઈની નોંધણી માટે પ્રાથમીક તપાસની જરૂર રહેશે નહિ અને તે માટે જરૂરી મંજુરી પણ લેવી નહિ પડે આ ઉપરાંત એટ્રોસીટી એકટમાં સીઆરપીસીની ધારા ૪૩૮ લાગુ પડશે નહિ.

સુપ્રિમ કોર્ટે તેના ચુકાદામાં જણાવ્યું હતુ કે એટ્રોસીટી એકટ અંતર્ગત યોગ્ય તપાસ પછી જ આરોપીની ધરપકડ થઈ શકશે નવા કાયદા મુજબ તપાસ પહેલા જ ધરપકડ કરી શકાશે જો કે આરોપીને આગોતરા જામીન મેળવવાનો હક્ક અબાધીત છે. સરકારી નોકરી કરતા સામે તેના ઉપરી અધિકારીની મંજુરી સીવાય પણ કેસ નોંધી શકાશે અને આરોપીની ધરપકડ તપાસ કરતા અધિકારી કરી શકશે.

આમ, હવે એસસી, એસટી એકટ હેઠળ તાત્કાલીક ધરપકડ યથાવત રાખતા સુધારા ખરડાને કેબીનેટની મંજુરી મળતા એટ્રોસીટી એકટની જુની જોગવાઈ મુજબ તપાસ અધિકારી એફઆરઆઈ દાખલ થતા તપાસ પૂર્વે જ કથીત આરોપીઓની ધરપકડ કરી મેજીસ્ટ્રેટ સમક્ષ રજુ કરશે અને જરૂર પડે રીમાન્ડ પણ મેળવી શકશે. તાજેતરમાં લશ્કરના મેજર ઉપર પાડોશી બાઈએ એટ્રોસીટી તથા સેકયુલર હેરેસ્ટનો ખોટો કેસ કરતા તાત્કાલીક ધરપક કરી જેલમાં મોકલી આપેલ પાછળથી સોસાયટીના સીસી ટીવી ફુટેજ સોસાટીના સભ્યોએ રજુ કરતા ઉલટુ ફરીયાદી બાઈએજ લશ્કરના મેજરને માર મારવાની અને ખોટો કેસ કરવાની હક્કિત સામે આવી પરંતુ એકતરફી ધરપકડના નિયમના કારણે પુરતી તપાસ પહેલા જ લશ્કરના મેજરને જેલમાં જવું પડયું. દલીત નેતા અને જુથો જુના કાયદામાં કોઈ જ છેડછાડ ના કરવા માંગણી કરી રહ્યા છે.

સુપ્રિમ કોર્ટે માર્ચ મહિનાના ચુકાદામાં જણાવ્યું હતું કે ફરીયાદના કિસ્સામાં યોગ્ય તપાસ બાદ જ આરોપીની ધરપકડ થવી જોઈએ જે મુદ્દાને દલીત જુથોએ વાંધો ઉઠાવતા કેબીનેટે ધરપકડ પૂર્વે તપાસનો આખો મુદો અભરાઈએ ચઢાવી જુની જોગવાઈ મુજબ કાયદાને યથાયોગ્ય ગોઠવી દીધો જેના ભોગ નિર્દોધ નાગરિકોને ભોગવવા પડતા સમાજમાં વમનશ્યતા પેદા થશે તેમાં કોઈજ શંકાને સ્થાન નથી બધા જ કેસો ખોટા હોતા નથી કેટલીક વખત ગામડામાં માથાભારે જુથના લોકો દલીતો

અનુસંધાન પાના નં ૭ પર

# સુલક્ષણી નાર પતિને તાબે થઈને પણ તેને વશ કરતી હોય છે



**WhatsApp ઓફ ધી વીક**
**નેહલ ગઢવી**

જીવનમાં જે કાંઈ સફળતા મને મળી છે તેની પાસેથી મારા શરીરને, મનને અને આત્માને સાંપડેલી કેળવણીને જ આભારી છે.

●●●

દાયકાઓ વીતવા છતાં નસેનસમાં સદાયે લહેરાતી રહેનારી એ લિજ્જત!

શરદીથી મૂંઝાતા ગળાને ગરમાટો આપી જનારી ઘઉંના લોટની સૂંઠ-ગંઠોડાવાળી એ હૂંફાળી રાબ, તાવથી તતડી ઊઠેલા મોંને સ્વાદ લગાડી જનારા હિંગ-જીરાથી વઘારેલા ખારભંજણ મમરા, દૂધવાળી તપેલીને લૂછીપૂછીને બંધાયેલા લોટની પોચી રોટલી, ઘીવાળી કડાઈમાં બંધાયેલો લોટની ફરસી ભાખરી, જીભને ચટકો લગાડી જનારો વાસી રોટલીનો ગળચટ્ટો લાડવો કે પછી તીખા-ગળ્યા પૂડલા સાથે ખીલતી ખવાતી ખીર. હમણાં જ ચાસણી રેડીને માંડ માંડ ઠરતો લસલસતો મોહનથાળ કે ઘઉં-ચણાના પોંકનું મોંમાં નાખતાં જ ઓગળી જાય એવું તાજેતાજું રેશમિયું જાદરિયું. જીભના ટેરવાથી મગજના છેડા સુધીના જ્ઞાનતંતુઓ 'સડાક' ઊભા થઈ જાય એવો અનેરો રસ કેરો ઝાટકો આપી જનારી આ રસોઈ.

કૃષ્ણમોદની કણકીનું આદુ-મરચાં-જીરાથી ખદખદતું સુગંધીદાર ખીછું અથવા ઊકળતી દાળની મહોલ્લાભરમાં ફરી વળેલી ખટમીઠી સોડમ, સત્યનારાયણની કથામાં ઘીમાં શેકાતા એ શીરાનો મઘમઘાટ કે સીઝતી-વીસમતી ખીચડીનો સુગંધાનંદ તો જાણે પરમાનંદ. ભૂંજાતાં શક્કરિયાં-બટાકાની ખરી ખરી ભૂંજાયેલી ગંધ એકાદા નાસ્તિકને શિવરાત્રી તો શું, અહોરાત્રી કરવા ફરજ પાડે તેનું નામ રસોઈ.

ચોમાસે ઊતરી રહેલાં ગરમાગરમ કેળાંમેથીનાં ભજિયા. એની સાથે મહાલવા માટે સજીધજીને તૈયાર થઈ રહેલા ઘઉંના લોટમાં એક મધમીઠા ઝમ્મકારા સાથે રેડાતું ગોળનું ફફળતું પાણી. ચૂલે ચડેલી દાળમાં મેથીનો કે કઢીમાં મીઠા લીમડાનો વઘારાતો છમ્મકારો તો પરાણે નાક-કાનમાં પેસીને જ જંપે. લાંબી સોડ તાણીને સૂતેલી ભૂખ પણ તરાપ મારતી ઊભી થઈ જાય એવી હોય આ રસોઈ. નાક-કાન-આંખ વાટે સમગ્ર પાચનક્રિયાને ઢંઢોળી મૂકનારી પ્રક્રિયાનું નામ તે રસોઈ.

જગતનાં સુંદર સર્જનોમાનું એક એટલે સ્ત્રી. સહુની આંખને ઠારે એવું સ્ત્રીસૌંદર્ય અને સહુની જીભને ઠારે એવું ઘરનું ભોજન તો આજે દુર્લભ જ. તો સામે સોળથી લઈને સાઠ સુધીનાં સ્નાયુબદ્ધ કે કસાયેલું, ખડતલ પુરુષત્વ નજરે પડવું એટલું જ વિરલ, નિસ્તેજ અને નિર્માલ્ય ચહેરાઓ પાછળ પોષક અને સાત્વિક ખોરાકનો અભાવ એ એક મુખ્ય કારણ ખરું જ. એટલે શું અમારે સ્ત્રીઓએ આખો વખત રસોડામાં પુરાઈ રહેવું? ગૃહિણીઓએ કુટુંબીજનોના આરોગ્યનું જણસની જેમ જતન કરવાનું રહે છે. કયારેક બે-પાંચ હજારની લાયમાં આંધળી દોટ મૂકતી ગૃહિણી વળતર કરતાં કેટલાયે ગણું નુકશાન વહોરી લેતી દેખાય છે. '... આજે હું થાકી ગઈ છું... બહાર જમી લઈએ / મંગાવી લઈએ, છોકરાઓનો નાસ્તો તૈયાર જ લઈ આવી... લે, આ પૈસા, અને રિસેસમાં કેન્ટીનમાંથી નાસ્તો કરી લેજે.'

કુશળ ગૃહિણી માટે તો રસોઈ એ ડાબા હાથનો ખેલ ગણાય. પહેલાંની સ્ત્રીઓ જોઈએ તો - દળણાં, દૂઝણાં, વલોણાં, કચરાપોતા, કપડાંવાસણ, સાફસૂફી, સોવું-ઝાટકવું ઉપરાંત કેટકેટલાંયે બાળકોનું થતું સંગોપન અને આધુનિક સાધન-સગવડ વગર સાથે સાથે થતાં રહેલાં ઉત્તમોત્તમ રસોઈપાણી.

આજના કરતાં કેટલાંયે ગણાં કામ સાથે પણ પહેલાં ઘરોમાં લહેજતદાર રસોઈ થતી જ હતી. આજની નોકરિયાત બહેનોને વ્યવસાયાર્થે બહાર રહેવું પડે છે. પણ એની મદદે તો અલ્લાદીનનો ચિરાગ છે ને ? ચિરાગ ઘસતાંની વારમાં જ ગેસ, પ્રેશરકૂકર, મિક્ષર, ઓવન જેવાં ઉપકરણોની ભરમાર હાજર.

એકવીસમી સદીમાં દોડતી ગૃહિણી માટે રસોઈ પરનાં પુસ્તકો તો ખરાં જ. પણ 'ઈન્ટરનેટ' પર તો એને જલસા જ છે. 'ફૂડ' નામની 'વેબસાઈડ' - ઉપવિભાગમાં પેસો એટલે 'ખૂલ જા સિમ સિમ' - એમ જુદી જુદી 'સાઈટ' ખૂલતી જાય. જીવનાવશ્યક દ્રવ્યો સાચવતો આહાર, શાકાહારના ફાયદા વગેરે બધું જ જાણવા મળે. સ્વાનુભવ અને સ્વૈર કલ્પનાના મિશ્રણથી શોધાતી જાય નાવીન્યપૂર્ણ પારકૃતિઓ.

ચકોર ગૃહિણી તો વ્યવસાય સાથે ચપળતાથી સમતોલપણું સાધતી, પ્રસન્નપણે રસોડાનું કાર્યક્ષેત્ર પણ સંભાળતી જોવા મળે છે.

રસોઈ માત્ર રસોડા પૂરતી જ સીમિત નથી. એ તો કરિયાણાબજાર કે શાકમાર્કેટથી રસાવાથી શરૂ થાય છે. રંગબેરંગી રત્નોની જેમ કુદરતે છૂટે હાથે વેરેલાં તકતકતાં તાજાં શાકભાજી જોઈને કોઈ પારખું ગૃહિણી સુંદર, દાગીનાને જોતી હોય તેમ લલચાઈ ઊઠે છે. દાણેદાણાથી માંડીને શાકપાંદડાં વીણી ચૂંટીને પૂરી પરખથી તે ખરીદે છે, ભારે જહેમત ઉઠાવે છે ત્યારે જઈને રસોઈની અનોખી લહેજત આપણે પામીએ છીએ. આથી જ તો એક અચ્છો ખાનારો, ખરો ભોક્તા, આ રસોઈકળા પાછળ થતાં કષ્ટો અને તેના ગુણોથી સુવિદિત હોય છે.

પોષણમૂલ્યોનું વિચારપૂર્વક આયોજન કરીને થતું પાકશાસ્ત્ર એ તો તપશ્ચર્યા છે. વળી રસોડું એટલે તો ઘરબેઠાં 'બ્યુટી પાર્લર.' ટમેટા સમારતાં, લીંબુ નિચોવતાં, આમલી ચોળતાં, દહીં મેળવતાં કે દૂધની કોથળી ફોડતાં એ જ હાથ તમારી ત્વચા પર પણ ફેરવતાં જાઓ. રસોઈ સાથે ત્વચા પણ ઝગારા મારતી થઈ જશે.

તો આટઆટલા શુભલાભ કરાવનારી, ઘરે ઘરે મંગળ વરતાવનારી રસોઈથી શા માટે અતડા રહેવું ? આજના વૈશ્વિકરણના જમાનામાં આ આખીય ખાદ્યયાત્રા એક આનંદયાત્રા બની રહે છે. એક વાર આ રસસાધનઆ સિદ્ધ થઈ જાય પછી તો એ આપમેળે રસાતી જાય એની સ્વયંસિદ્ધા. પાછી એની કાંઈ વખતખાઉ નથી. થોડીક મહેનત અને ખાસ્સો મહાવરો. થોડીક તત્પરતા અને એમાંથી નીપજતી ખાસ્સી તન્મયતા, થોડીક પારંપારિકતા અને ઘણી બધી પ્રયોગશીલતા. થોડીક ગુરુચાવીઓ અને ઘણીબધી કોઠાસૂઝ. સૂઝમાંથી સજ્જતા કેળવાતી જાય. દ્રૌપદીની થાળીમાંથી બચેલા કણમાંથી મણ કરી જાણે એ જ રસોઈકળા. ગરવી ગૃહિણી નરવી રસોઈ થકી સહુના પેટમાં પેસીને સહુના હૈયાને પોષતી-તોષતી જીતી લે છે.

સાહિત્ય, સંગીત કે નૃત્ય, ચિત્ર કે શિલ્પ, સિવણ કે ભરતગૂંથણ, લીંપણ કે ટીપણ જેવી અનેક કળાઓમાં સ્ત્રીઓની પારંગતા પૂરબહારમાં ખીલેલી જોવા મળે છે. તો આજની સ્ત્રી ભૂલી રહી છે કે રસોઈ એ તો એક મૂળભૂત કળા છે. જીવનને રસબસતી કરવાનો કસબ આ કળામાં રહેલો છે. આવો, આ લુપ્ત થતી કળાને તૃપ્ત કરવાનો સંકલ્પ કરીએ.

- અરૂણા જાડેજા

Last Seen :
સુલક્ષણી નાર પતિને તાબે થઈને પણ તેને વશ કરતી હોય છે.
- nehalgadhavi101@gmail.com

# પંજાબમાં કોંગ્રેસના આંતરકલહ વચ્ચે સિદ્ધુનો માસ્ટરસ્ટ્રોક



**અતિતની આજ**
**ડૉ. હરિ દેસાઈ**

પાકિસ્તાનમાં આવેલા કરતારપુર સાહિબનું મહાત્મ્ય શીખ શ્રદ્ધાળુઓ માટે ઘણું છે. ભારતની સરહદથી એ માત્ર ૩ કિલોમીટરને અંતરે હોવા છતાં એની મુલાકાત લેવા માટે વાયા લાહોર જતાં શ્રદ્ધાળુઓને ચાર કલાક લાગે છે. આંતરરાષ્ટ્રીય સરહદથી માત્ર બે કિલોમીટરના અંતરે આવેલા કરતારપુર સાહિબ ગુરુદ્વારા સુધી જો કરિડોર બાંધવામાં આવે તો માત્ર વીસ મિનિટમાં જ ભારતીય પંજાબમાંથી પાકિસ્તાનના પંજાબમાં આવેલી આ પવિત્રભૂમિ સુધી પહોંચી શકાય.વચ્ચે રાવી નદી પર પુલ બંધાવાની જરૂર પડે.ભારત અને પાકિસ્તાનની સરકાર આ માર્ગને ખુલ્લો મુકવા તૈયાર હોય તો પંજાબની સરકાર એનો તમામ ખર્ચ ઊઠાવવા તૈયાર છે. ભારતમાં વસતા બે કરોડ કરતાં વધુ શીખ શ્રદ્ધાળુઓની છેલ્લાં અઢાર વર્ષથી સર્વપક્ષી અને શીખોનાં તમામ સંગઠનો દ્વારા સતત જેની માંગણી કરવામાં આવી રહી હતી એ માર્ગ (કરિડોર) બાબતે પાકના પંજાબી જાટ લશ્કરી વડા જનરલ કમર બાજવાનું વચન લઈને પાકિસ્તાનના નવા વડાપ્રધાન ઈમરાન ખાનના મિત્ર અને પંજાબના પર્યટન મંત્રી નવજોત સિંહ સિદ્ધુ સ્વદેશ પાછા ફર્યા છે. પંજાબમાં કોંગ્રેસ સત્તારૂઢ હોવા છતાં આંતરકલહમાં રમમાણ છે અને સિદ્ધુને સાંકડે લેવાની કોશિશ પછી એમનાં ઓવારણાં લેવાનું શરૂ થયું છે.

**ગુરુ નાનકનાં અંતિમ વર્ષો**

અત્યારે તો સીમા સુરક્ષા દળોના સહયોગથી ભારત સરહદે મૂકાયેલાં ત્રણ ઊંચી ક્ષમતાવાળાં દૂરબીનથી શ્રદ્ધાળુ કરતારપુર દેરાનાં દર્શન કરીને સંતોષ માને છે અથવા તક મળે તો વાયા લાહોર ચાર કલાકે ત્યાં પહોંચે છે. શીખ ધર્મના સ્થાપક ગુરુ નાનકે જીવનનાં છેલ્લાં ૧૮ વર્ષ અહીં વિતાવ્યાં હતાં.એમણે અહીં જ દેહ છોડ્યો ત્યારે એમના મુસ્લિમો શ્રદ્ધાળુઓએ એમને દફનાવવાની ઈચ્છા રાખીને અહીંના ગુરુદ્વારામાં મઝાર ચણી હતી. જોકે શીખો એમના અગ્નિસંસ્કાર કરવાના પક્ષે હતા અને તેમની વાત માન્ય રહી હતી. આ દ્રષ્ટિએ શીખો માટે આ ગુરુદ્વારામાં સવિશેષ શ્રદ્ધા છે. અત્રે એ યાદ રહે કે નાનક સાહેબનો જન્મ થયો હતો એ નાનકાના સાહિબ પણ આજે પાકિસ્તાનમાં જ છે. ભારતના ભાગલા વખતે પશ્ચિમ પંજાબ પાકિસ્તાનમાં ગયું હતું અને પૂર્વ પંજાબ ભારતને ભાગે આવ્યું હતું.

ઈસ્લામાબાદમાં જનરલ બાજવાને સિદ્ધુ ભેટ્યા એ મુદ્દે માત્ર ભાજપના નેતાઓ જ નહીં, પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહે અને કોંગ્રેસના અધ્યક્ષ સુનીલ જાખડ સહિતનાએ સિદ્ધુને વખોડ્યા હતા.સ્વયં પંજાબના કેબિનેટ મંત્રી તૃપ્ત રાજિન્દર સિંહ બાજવાએ તો સિદ્ધુને પાક લશ્કરી વડા જનરલ બાજવાને ગળે લગાવવા માટે શહીદ પરિવારોની જાહેર માફી માંગવાનું કહ્યું હતું.પંજાબ સરકારની કેબિનેટ મળી. બેઠકમાં મામલો સમૂળગો બદલાઈ જ ગયો.અગાઉ ટીકા કરનારા

- ભારત સરકારની મંજૂરીથી નવજોત સખા ઈમરાન ખાનના શપથવિધિમાં જતાં નિરર્થક વિવાદ જાગ્યો
- ગુરુ નાનકનો જન્મ નાનકાના સાહબમાં અને છેલ્લાં ૧૮ વર્ષ કરતારપુરમાં વિતાવી ત્યાં જ દેહ છોડ્યો
- દેરા નાનક બાબાથી કરતારપુર કરિડોર ખોલાય તો એને સિદ્ધુ અને કોંગ્રેસની સફળતા લેખવામાં આવશે
- ગુજરાત અને સિંધ વચ્ચેના ૧૯૬૫ અને '૭૧ના યુદ્ધ પહેલાં ચાલુ હતા તે આવન-જાવનના માર્ગો ફરી ખુલે

ઉતાવળિયા કોંગ્રેસી નેતાઓ એકાએક સિદ્ધુનાં ઓવારણાં લેવા માંડ્યા. એટલું જ નહીં, એમને સમજાઈ ગયું કે આ બાબત તો સિદ્ધુનો માસ્ટરસ્ટ્રોક છે. સ્વયં મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહે કેન્દ્રને પત્ર લખીને વિનંતી કરી કે દેરા બાબા નાનક (ગુરુદાસપુર-ભારત)થી રાવી નદી પાર કરતારપુર સાહિબ (પાકિસ્તાન) કરિડોર કમસે કમ આવતા વર્ષે નવેમ્બર ૨૦૧૯માં ગુરુ નાનક સાહેબની ૫૫૦મી જન્મજયંતીની ઉજવણી છે એટલે એક વર્ષ પૂરતો પણ ખોલવામાં આવે. કેન્દ્ર સરકાર પર પણ દબાણ વધ્યું છે. કરિડોર ખોલાય તો એને સિદ્ધુ અને કોંગ્રેસની ભવ્ય સફળતા લેખવામાં આવશે.

**પંજાબ વિધાનસભામાં સર્વસંમત ઠરાવ**

પંજાબની વિધાનસભાએ વર્ષ ૨૦૧૦માં સર્વાનુમતે ઠરાવ કરીને વિનંતી કરાઈ હતી કે દેરા બાબા નાનકથી કરતારપુર ગુરુદ્વારા સુધી કરિડોરને ભારત અને પાકિસ્તાન બંને સરકારો મંજૂરી આપે અને વગર વીસાએ શ્રદ્ધાળુઓ કરતારપુર ગુરુદ્વારામાં માથું ટેકવવા માટે જઈ આવી શકે. લગભગ દર વર્ષે વડાપ્રધાન અથવા કેન્દ્ર સરકારને અકાલી દળ,ભાજપ,કોંગ્રેસ અને શિરોમણિ ગુરુદ્વારા પ્રબંધક સમિતિ (એસજીપીસી) તરફથી પ્રતિનિધિમંડળ મારફત અનુરોધ કરાય છે કે કરતારપુર કરિડોરને મંજૂર રાખવામાં આવે. વિદેશ મંત્રાલયની સંસદીય સમિતિના અધ્યક્ષ અને કોંગ્રેસના તિરુઅનંતપુરમના સાંસદ શશી થરૂર સમક્ષ ઐતિહાસિક કરતારપુર કરિડોર બાંધવા અંગેનો મુદ્દો ઉઠાવાયો હતો.થરૂરની અધ્યક્ષતાવાળી સાત સાંસદોની સમિતિની મે ૨૦૧૭માં પંજાબની મુલાકાત વખતે અમૃતસરના સાંસદ ગુરજીત સિંહ ઔજલા અને દેરા બાબા નાનકના ધારાસભ્ય સુખજીન્દર સિંહ રંધવા દ્વારા આ રજૂઆત કરાઈ હતી.થરૂરે કહ્યું હતું કે હું કેન્દ્ર સરકારમાં મંત્રી હતો ત્યારે આ કરિડોર બાંધવાની દરખાસ્તને આગળ વધારવા માટે મેં બંને દેશની સરકારમાં પ્રયત્નો કરી જોયા હતા, પણ સુરક્ષાના નામે એ બાબતની માંડવાળ કરાઈ હતી.ફરીને આ બાબતને ઉઠાવી શકાય છે.

**વડાપ્રધાન મોદી માટે સુવર્ણ તક**

નવેમ્બર ૨૦૧૭માં શીખ સંગઠનોના પ્રતિનિધિમંડળ થકી વડાપ્રધાન મોદી સમક્ષ રજૂઆત થઈ હતી કે કરતારપુર કરિડોર બંને દેશો વચ્ચે શાંતિ પુનઃસ્થાપિત કરવાનું નિમિત્ત બને. વડાપ્રધાનને આનાથી સમગ્ર શીખ સમાજની દુઆ મળશે. જૂન ૨૦૧૮માં અકાલી દળના અધ્યક્ષ સુખબીર સિંહ બાદલના નેતૃત્વમાં વડાપ્રધાનને મળેલા પ્રતિનિધિમંડળે પણ કરતારપુર કરિડોરની સાથે જ વિશ્વસ્તરે મહત્વની ૫૫૦ વર્ષની ઉજવણી માટે રાષ્ટ્રીય કક્ષાએ સમિતિ બનાવવાનો પણ અનુરોધ કર્યો હતો. આવા સંજોગોમાં સિદ્ધુના અંગત મિત્ર અને પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાન અને એમના પર જેમનો રિમોટ ચાલે છે એવા લશ્કરી વડા જનરલ બાજવા મળીને ભારતના શીખોની વડાપ્રધાન મોદીને પહોંચાડાયેલી માંગણીને સાનુકૂળ પ્રતિસાદ આપે તો નવો ઈતિહાસ સર્જાશે. એવું નથી કે બંને દેશો વચ્ચે આવા કરિડોરની વ્યવસ્થા કોઈ નવી અને અશક્ય વાત છે.ભૂતકાળમાં બાંગલાદેશ અને ભારત વચ્ચે આવા ઘણા કરિડોર કાર્યરત રહ્યા છે. ભારતે બાંગલાદેશના અસ્તિત્વમાં ઘણું મોટું યોગદાન કર્યા છતાં ભારતદ્રોહી અલ્ફાના આતંકીઓ માટે પાકની આઈએસઆઈ દ્વારા બાંગલાદેશમાં ઘણા લાંબા સમય સુધી તાલીમી છાવણીઓ ચલાવતી હતી. આવા વખતે પણ કરિડોર મારફત બંને દેશનાં લોકોની અવરજવર ચાલતી રહી હતી. એનાથી ઉલટું, બંને પંજાબ વચ્ચે રાવી નદી પરના સૂચિત પુલ મારફત શીખ શ્રદ્ધાળુઓની અવરજવર તો બંને દેશોની દુશ્મનીને ખાળીને સંબંધો સામાન્ય કરવામાં મહામૂલું યોગદાન કરી શકે.વડાપ્રધાન મોદીએ આ તક ગુમાવવા જેવી નથી, ભલે એનો અમુક યશ સિદ્ધુ અને કોંગ્રેસને મળે તો પણ.

**ગુજરાત-સિંધની સરહદે મોકળાશ**

વાજપેયીના વડાપ્રધાન કાર્યાલયમાં ઓએસડી રહેલા વરિષ્ઠ પત્રકારમિત્ર અને કચ્છના જમાઈ સુધીન્દ્ર કુલકર્ણી જ નહીં, કચ્છના મોભી એવા કીર્તિ ખત્રી પણ કચ્છ અને સિંધ વચ્ચેનો અગાઉના માર્ગ ખુલે એનો આગ્રહ સેવે છે.વાજપેયી યુગમાં કેશુભાઈ પટેલની સરકારની

અનુસંધાન પાના નં ૭ પર